રાજ્યના ગરીબ તેમજ બીપીએલ લાભાર્થીઓના ઉત્કર્ષ માટે ઘર વપરાશના વીજજોડાણો વીના મુલ્યે આપવા રજ્ય સરકારશ્રી ધ્વારા ઝુપંડપટ્ટી વાજળીકરણ યોજના –આદિજાતી વિસ્તારની કુટીરજ્યોત યોજના તેમજ અનુસુચિત જાતિ પેટાયોજના અંતર્ગત નાંણાકીય સહાય ગ્રાન્ટ રૂપે ફાળવવામાં આવે છે.

## <u>અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસુચિત જાતિના વિસ્તારોમાં વીજળીકરણ અંગેની રૂપરેખા</u>

1. અનુસુચિત જાતિ પેટા યોજના હેઠળ અનુસૂચિત જાતિના વિસ્તારોમાં વીજળીકરણ શહેરી તેમજ ગ્રામ્ય એમ બંને વિસ્તારોને લાગુ પડે છે.રાજ્યના સમગ્ર આદિજાતિ વિસ્તારોમાં આવેલ અનુસુચિત જનજાતિના ગરીબ કુટુંબોને નિઃશુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.
૨. અનુસૂચિત જાતિના વિસ્તારો કે જે વિસ્તારોનું વિજળીકરણ ફકત હળવા દબાણની લાઇનથી કરવાનું શકય હોય તે વિસ્તાર માટે ઉભી કરવી પડતી વીજરેષાનો પૂરેપૂરો ખર્ચ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.
૩. ઇન્દીરા આવાસ, ઇન્દીરાનગર, ૧૦૦ ચોરસવારના પ્લોટ કે મફત પ્લોટ કે આવી નવી વસાહતો કે જયાં અનુસૂચિત જાતિના લોકોની વસ્તી તે વિસ્તારની કુલ વસ્તી કરતા ૪૦ ટકા કે તેથી વધુ હોય તેવા વિસ્તારને આ યોજનામાં આવરી લેવામાં આવે છે.
૪. ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના આવા વીજળીકરણ માટે ઉભી કરવી પડતી ભારે/હળવા દબાણની લાઇન અને વીજ વિતરણ કેન્દ્રનો ખર્ચ પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે. પરંતુ ટ્રાન્સફોર્મર સેન્ટર ઉભું કરવા માટે ૨૦ કે તેથી વધુ લાભાર્થીઓની માંગણી હોવી જરૂરી છે. જે પૈકી ૪૦ ટકા લાભાર્થીઓ અનુ.જાતિના હોવા જરુરી છે.
૫. સદર યોજના હેઠળ નોંધણી ફી, ટેસ્ટ રીપોર્ટની ફી તથા વીજબીલ અનામતની રકમ લાભાર્થી પાસેથી વસુલવામાં આવતી નથી.
૬. લાભાર્થીએ સમાજ કલ્યાણ વિભાગ મારફત અથવા વ્યકિતગત કિસ્સામાં સમાજ કલ્યાણ વિભાગ પાસેથી જાતિ અંગેનું પ્રમાણપત્ર મેળવી અરજી કરવાની રહેશે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં ૫૫૦૦ ઘરવપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## કુટિર જયોતિ યોજનાના હેઠળ વીજળીકરણ અંગેની રૂપરેખા

- આદિજાતિ પેટા યોજના વાર્ષિક વિકાસ કાર્યક્રમ હેઠળ રાજયના આદિજાતિ વિસ્તાર માટે રાજય સરકાર પુરસ્કૃત કુટિર જયોતિ યોજના અમલમાં છે. સદર યોજના માટે સરકાર તરફથી સો ટકા ગ્રાન્ટની ફાળવણી કરવામા આવે છે. જે માટે આદિજાતિના ગરીબ લાભાર્થીઓ કે જેઓની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૪૭,૦૦૦/- ગ્રામ્ય વિસ્તાર માટે અને રૂા. ૬૮૦૦૦- શહેરી વિસ્તારમાં હોય અથવા બીપીએલ યાદીમા સમાવિષ્ટ હોય તેવા લાભાર્થીઓનો આ યોજનામાં સમાવશે કરવામાં આવે છે.
- લાભાર્થીઓની યાદી સબંધિત પ્રાયોજના અધિકારીશ્રી તરફથી વીજ વિતરણ કંપનીઓને ઉપલબ્ધ કરવામા આવે છે.
- જેઓના રહેણાંક હયાત એલ.ટી.લાઇનથી ૧૦૦ મીટરની અંદર હોય તેવા લાભાર્થીઓનો અગાઉ સમાવેશ કરવામાં આવતો,પરંતુ હવે છુટાછવાયા વિસ્તારોના લાભાર્થીઓને પણ સદર યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે.
- આ યોજના અંતર્ગત લાભાર્થીએ વીજજોડાણ પેટે કોઇ રકમ ભરવાની રહેતી નથી.
- લાભાર્થી ને એક પોઇન્ટ વાયરીંગ અને સીએફએલ સાથે વીજજોડાણ આપવામાં આવે છે. વીજજોડાણ આપ્યા બાદ ધારાધોરણ પ્રમાણે વીજબીલ લાભાર્થીએ ભરવાનું રહે છે.
- બીપીએલ લાભાર્થી ઓને પ્રતિમાસ બીલની રકમમાં પ્રથમ ૩૦ યુનિટમાં રૂા. ૧.૫૦ પૈસાના રાહત દરે વીજ બીલની આકારણી કરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં ૬૫૦૦ ઘરવપરાશના વીજ જોડાણો આપવાનુ આયોજન છે.

## ઝૂંપડપટી વીજળીકરણ યોજનાના હેઠળ વીજળીકરણ અંગેની રૂપરેખા

૧) રાજયના કોઈ પણ વિસ્તારમા આવેલા તમામ જાતિના અને ગ્રામ્ય વિકાસ વિભાગની વેબસાઇટ *www.ruraldev.gujarat.gov.in* ઉપર દર્શાવેલ કોમન લિસ્ટ પર ઉપલબ્ધ બીપીએલ લાભાર્થીઓ અને ગરીબ કુટુંબો કે જેઓની મહત્તમ વાર્ષિક આવક રૂ. ૪૭૦૦૦/- ગ્રામ્ય અને રૂા. ૬૮૦૦૦ /- શહેરી વિસ્તાર - હોય તેઓને વીજળીકરણની સુવિધાથી આવરી લેવામાં આવશે. ઉપરાંત સરકારશ્રીની વિવિધ યોજનાઓ અંતર્ગત ફાળવવામા આવેલ પાકા આવાસોમાં રહેતા હોય તેવા બીપીએલ લાભાર્થીઓ અને ગરીબ કુટુબોની ઉપરોક્ત આવક મર્યાદા હેઠળ આવતા હોય તેઓને પણ ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવામાં આવે છે.

સદર યોજના હેઠળ ગરીબ કુટુંબોને નિઃશુલ્ક ઘરવપરાશનું વિજજોડાણ આપવામાં આવે છે.

૨) ગ્રામ પંચાયતો / સરકારની / નગર પાલીકાની / મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન ઉપર આવેલ ઝૂંપડપટી ને આ યોજના હેઠળ આવરી શકાશે. પરંતુ આવા ઝૂંપડાઓમા

વીજળીકરણ મજૂર કરતા પહેલા વીજળીકરણની સુવિધાથી લાભાર્થી, જમીનની માલીકીની કાયદેસરતા સાબીત કરી શકશે નહિ.

૩) પોતાની ખાનગી માલીકીની જમીન પર જો લાભાર્થીએ ઝૂંપડુ બનાવેલ હોય તો એને સદર યોજનાનો લાભ મળી શકે. પરંતુ અન્યની જમીન પર ઉભા કરાયેલ ઝુપડામા આ યોજના હેઠળ વીજળીકરણ મંજૂર કરી શકાશે નહિ.

૪) જે ઝૂંપડાઓ સલામતીની દ્રષ્ટિએ વીજળીકરણ કરવા યોગ્ય હોય અને એની ઉંચાઈ સાત ફૂટ કરતા વધારે હોય એવા તમામ ઝુંપડાઓને આ યોજના હેઠળ વીજળીકરણમા આવરી લઈ શકાશે. મીટર રાખવાની વ્યવસ્થા એટલે કે લાકડાના બોર્ડ પર પાણી ન પડે એવી વ્યવસ્થા હોવી જરુરી છે. પરંતુ પ્લાસ્ટીક કે વાંસથી બનાવેલ કાચા - અડધા પાકા ઝૂંપડાઓને આ યોજનાનો લાભ મળી શકશે નહિ.

૫) જુથમા આવેલ ઝૂંપડાઓને અગ્રીમતાના ધોરણે લાભ આપવાનો થાય છે. છૂટા છવાયા ઝૂંપડાઓને ત્યાર બાદ આવરવામા આવે છે.

૬) સ્થાનિક કક્ષાએ તાલુકા પંચાયત / મ્યુનિસિપલીટી / નગર પાલીકાએ ઝૂંપડપટી વીજળીકરણ માટેની લાભાર્થીઓની યાદી તૈયાર કરી આનુસાંગીક વીજ કપનીઓને પુરી પાડવાની રહેશે.

૭) આ યોજના હેઠળ લાભાર્થીઓને કુટિર જયોતિ યોજનાની જેમજ એક પોઇન્ટ વાયરીંગ કરી, મીટર મૂકી, સીએફએલ બલ્બ સાથે વીજ જોડાણ આપવામા આવશે અને આ માટે ટેસ્ટ રીપોર્ટ આપવો જરુરી નથી. આ યોજના હેઠળ જરુર જણાય ત્યા નવી લાઈન કે ફીડરો નાખંવા કે ક્ષમતા વધારો કરી શકાય. સીસ્ટમ ઇમ્પ્રુવમેન્ટના કામો પણ કરી શકાશે.

૮) બીપીએલ લાભાર્થી ઓને પ્રતિમાસ બીલની રકમમાં પ્રથમ ૩૦ યુનિટમાં રૂા. ૧.૫૦ પૈસાના રાહત દરે વીજ બીલની આકારણી કરવામાં આવે છે.

૯) આ યોજના અંતર્ગત લાભાર્થીની યાદી ગ્રામ્ય વિસ્તાર માટે સંબંધિત તાલુકા પંચાયત કચેરી દ્વારા વીજ વિતરણ કંપનીઓને ઉપલબ્ધ કરવામાં આવે છે, જયારે શહેરી વિસ્તાર માટે યોજના અંતર્ગત લાભાર્થીની યાદી શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા આપવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં ૩૧૦૦૦ ઘરવપરાશના વીજ જોડાણો આપવાનું આયોજન છે.

## આદિજાતિ વિસ્તાર પેટા યોજના(ટી.એ.એસ.પી)ઃ

ગ્રામ્ય વિસ્તારમાં વીજળી શકિતએ આર્થિક ઉન્નતિ માટે પાયાની જરૂરીયાત છે. તેનાથી સામાજીક પરિવર્તન આવે છે. આદિજાતિ વિસ્તારમાં, કુવા અને પેટાપરાના વીજળીકરણ માટે આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કામગીરી કરવામા છે. જે માટે રાજય સરકારશ્રી તરફથી સદર યોજના હેઠળ ૧૦૦ ટકા શેર કેપીટલ આપવામાં આવે છે.

## આદિજાતિ વિસ્તારના પેટાપરાના વીજળીકરણ માટે માર્ગદર્શનઃ

1. આદિજાતિ વિસ્તારના પેટાપરાનું વીજળીકરણ સામાન્યરીતે આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી તરફથી બહાર પાડવામાં આવેલ બુકલેટ મુજબના પેટાપરાને અગ્રતા આપી કરવામાં આવે છે.
૨. ઓછામાં ઓછા ૧૦ કે તેથી વધુ ઘરોના જુથ દ્વારા માંગણી કરેલ હોય તેવા તમામને પેટાપરા વીજળીકરણ યોજના હેઠળ આવરી લેવાના રહેશે.
૩. પેટાપરા વીજળીકરણમાં સરેરાશ ૮ થાંભલા દીઠ ઘરદિવાબત્તી/શેરી દિવાબત્તીના બે વીજજોડાણોની માંગણી હોવી જરૂરી છે.
૪. પેટાપરાના વીજળીકરણ દરમ્યાન જરૂર જણાયે ભારે દબાણની લાઇન, વીજ વિતરણ કેન્દ્ર અને હળવા દબાણની લાઇન નાંખીને વીજળીકરણ કરવાનું રહેશે. જે માટે ઓછામાં ઓછા ૨૦ ઘરોના જુથ દ્વારા માંગણી કરવાની રહેશે.
૫. પ્રત્યેક પેટાપરાના વીજળીકરણ અન્વયે થનાર ખર્ચમાં જ અરજી કરનાર તમામ લાભાર્થીઓ વતી ૩૦ મીટર સુધીની સર્વિસ લાઇન માટે નિયત ભાવપત્રક મુજબનો ખર્ચ, મેટલ મીટર બોક્ષનો ચાર્જ, રજીસ્ટ્રેશન ચાર્જ, એનર્જી ડીપોઝીટ તથા ટેસ્ટ રીપોર્ટનો ચાર્જ તેમજ એક પોઇન્ટ વાયરીંગ બોર્ડ તથા બલ્બના ખર્ચ આવરી લઇને વીજળીકરણ કરવામાં આવે છે.
૬. પેટાપરા વીજળીકરણ માટે જે વિસ્તારમાં લાભાર્થીઓ વીજજોડાણો લેવા આગળ આવતા ન હોય તેવા વિસ્તારના વીજળીકરણ માટે જે તે વિસ્તારના પ્રાયોજના અધિકારીશ્રીઓએ તેવા લાભાર્થીઓની યાદી સબંધિત કચેરીઓને પુરી પાડવાની રહે છે.

સદર યોજના હેઠળ ૩૧.૩.૨૦૧૫ સુધીમાં ૧૦૫૦૯ પેટાપરાઓનુ વીજળીકરણ કરવામાં આવેલ છે. તેથી હવે નવા પેટાપરાઓનુ વીજળીકરણ કરવાનુ હોઇ વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં સદર યોજના હેઠળ ૧૦ પેટાપરાઓનુ વીજળીકરણ કરવાનુ આયોજન છે.

## આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ કુવા વીજળીકરણના નોમર્સ

૧) આદિજાતિ વિસ્તાર પેટા યોજના રાજયના આદિજાતિ વિસ્તારોમા અમલી છે.

૨) સદર યોજના માટે રાજય સરકાર તરફથી નાણાંની ફાળવણી કરવામા આવે છે.

૩) સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ રજીસ્ટ્રેશન ચાર્જીસ ભરી જમીનના જરુરી દસ્તાવેજો સાથે સંલગ્ન વીજ વિતરણ કંપનીની સબડીવીઝન કચેરી ખાતે અરજી કરવાની રહે છે.

૪) સદર યોજના હેઠળ એચટી – એલ ટી લાઇન, ટ્રાન્સફોર્મર તેમજ સર્વિસ કનેક્શનની કિંમત લાભાર્થી પાસેથી વસુલવામા આવતી નથી.

૫) એનર્જી ડીપોઝીટ, એગ્રીમેન્ટ ફી, ટેસ્ટ રીપોર્ટ ફી ગ્રાહક પાસેથી વસુલ કરવામા આવે છે

વર્ષ ૨૦૧૫-૧૬ ના વર્ષમાં સદર યોજના હેઠળ ૨૦૫૦૦ કુવાઓનુ વીજળીકરણ કરવાનુ આયોજન છે.

## ખેતી વિષયક વીજ જોડાણો સામાન્ય યોજના વીજળીકરણ ના નોમર્સ (ડાર્કઝોન તેમજ નોનડાર્ક ઝોન વિસ્તાર)

રાજ્યમા સામાન્ય યોજના અંતર્ગત કૃષિ વિષયક વીજ જોડાણો લેવા ઘણી અરજીઓ પડતર છે. સદર યોજના હેઠળ અગાઉ ગ્રામ્ય વીજળીકરણ નિગમ - નવી દિલ્હી તરફથી લોન ઉપલબ્ધ થતી હતી. પરંતુ તેઓનો વ્યાજ દર વધારે હોવાના કારણે વીજ વિતરણ કંપનીઓ અન્ય સંસ્થાઓ પાસેથી નાણાં મેળવી કૃષિ વિષયક કુવાના વિજળીકરણની કામગીરી કરતા. સદર યોજના હેઠળ ગ્રાહકો પાસેથી એચટી / એલટી લાઇન તેમજ ટ્રાન્સફોર્મર સેન્ટર વગેરેની રકમ વસુલવામા આવતી નથી. સદર ખર્ચ વીજ વિતરણ કંપનીઓ ઉઠાવતી હોય છે. રાજય સરકાર દ્વારા, સામાન્ય યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણોની પડતર અરજીઓનો નિકાલ લાવવા, વધારે કુવાના વિજળીકરણ કરી શકાય તે માટે થનાર ખર્ચ માટેની રકમ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. ને શેર મૂડી તરીકે નાણાકીય સહાય આપવામાં આવે છે.

1. સામાન્ય યોજના રાજયમાં આદિજાતિ વિસ્તારો સિવાયના વિસ્તારોમા અમલી છે.
2. સદર યોજના માટે સરકારશ્રી તેમજ વીજ વિતરણ કંપની ધ્વારા નાંણાકીય જોગવાઈ કરવામાં આવી છે.
3. સદર યોજના હેઠળ ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા લાભાર્થીએ રજીસ્ટ્રેશન ચાર્જીસ ભરી જમીનના જરુરી દસ્તાવેજો સાથે સંલગ્ન વીજ વિતરણ કંપનીની સબડીવીઝન કચેરી ખાતે અરજી કરવાની રહે છે.

4. સદર યોજના હેઠળ ડાર્કઝોન વિસ્તાર હેઠળ આવતા અરજદારોએ સરકાર શ્રી ના નિયમ મુજબ ગુજરાત ગ્રીન રીવોલ્યુશન કંપની ની શરત પ્રમાણે ફરજિયાત સૂક્ષ્મ પિયત પધ્ધતિ અપનાવવાની રહેશે.
5. સદર યોજના હેઠળ લાઇન ચાર્જીસ, ટ્રાન્સફોર્મર સેન્ટરના ચાર્જીસ, સવીર્સ કનેકશન ચાર્જીસના બદલે અરજદાર પાસેથી સામાન્ય દરેક ગુજરાત વીજ નિયમન પંચ ધ્વારા નક્કી કરાયેલ ફીકસ ચાર્જીસ વસૂલવામાં આવે છે.
6. સીકયુરીટી ડીપોઝીટ ગુજરાત વીજ નિયમન પંચના એવોર્ડ મુજબ વસુલ કરવામા આવે છે.
7. કામગીરી પૂર્ણ થયા બાદ અરજદાર તરફથી ટેસ્ટ રીપોર્ટ આપવાનો હોય છે. બે માસની સમય મર્યાદામા ટેસ્ટ રીપોર્ટ રજૂ ન થાય તો ઓછામા ઓછુ (મીનીમમ) બીલ આકારવામા આવે છે.
8. સદર યોજના હેઠળ મીટર મૂકીને, પ્રતિ યુનિટ લેખે માત્ર ૬૦/- પૈસાના ના દરે વીજ બીલ આકારવામાં આવે છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માટે ૬૬૫૦૦ કૃષિ વિષયક વીજ જોડાણોનુ વીજળીકરણ કરવાનું આયોજન છે.

## <u>તત્કાલ યોજના -૨૦૧૫ હેઠળ કુવાઓનું વીજળીકરણ -</u>

લાંબી પ્રતિક્ષા યાદી કરતા વહેલાસર ખેતી વિષયક વીજ જોડાણ મેળવવા ઇચ્છુક ખેડૂતો માટે રાજય સરકાર દ્વારા તત્કાલ યોજના -૨૦૧૫ શરૂ કરવામાં આવેલ છે.

હળવા દબાણ અને ભારે દબાણનો લાઇન ચાર્જ તેમજ ટ્રાન્સફોર્મર વગેરે માલ સામાન માટે પ્રવર્તમાન કોષ્ટ ડેટા પ્રમાણે થતા ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ અરજદારો પાસેથી વસુલવામાં આવશે, અને ૩૦ ટકા રકમ વીજ વિતરણ કંપની ભોગવશે.

અરજદારોએ ડ્રીપ ઇરીગેશન સીસ્ટમ સ્વીકારવી ફરજિયાત છે.

તત્કાલ ટેરીફ લેખે વીજ બીલની આકારણી કરવામાં આવે છે.

## <u>અનુસૂચિત જાતિનાં ખેડૂતોને કૃષિ વિજ જોડાણ</u>

સમગ્ર રાજ્યમાં અનુસુચિત જાતિના લાભાર્થી માટે વર્ષ ૨૦૧૫-૧૬ થી અમલમાં મુકવામાં આવે છે.

અરજદાર દ્વારા અનુસુચિત જાતિનું પ્રમાણ-પત્ર રજુ કરવાનું રહેશે.

અરજદાર દ્વારા જમીનને લગતા જરૂરી દસ્તાવેજો રજુ કરવાના રહેશે.

રાજ્ય સરકાર દ્વારા નક્કી કરેલ યોજનામાં અગ્રતા ક્રમની યાદી પ્રમાણે કામગીરી કરવામાં આવશે.

ડાર્કઝોન વિસ્તારમાં નોંધાયેલ અરજદાર દ્વારા ડાર્કઝોન યોજનાના ધારા-ધોરણ મુજબ ફરજીયાત સુક્ષ્મ પિયત પધ્ધતિ સ્વીકારવાની રહેશે.

સદર યોજના હેઠળ એચટી – એલ ટી લાઇન ટ્રાન્સફોર્મર સેન્ટર તેમજ સર્વીસ કનેકશનની કિંમત લાભાર્થી પાસેથી વસુલવામાં આવતી નથી.
સીક્યુરીટી ડીપોઝીટ, એગ્રીમેન્ટ ફી, ટેસ્ટ રીપોર્ટ ફીનો ખર્ચ અરજદારે ભરપાઇ કરવાનો રહેશે.
નાણાકીય વર્ષ ૨૦૧૫-૧૬ દરમિયાન અનુસુચિત જાતિનાં ૨૦૦૦ લાભાર્થીઓને અગ્રતાના ધોરણે કૃષિ વીજ જોડાણ આપવાનું આયોજન છે.

## સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના:

સાગરવિસ્તારના હવામાન અને તેમાં રહેલી આર્દ્રતાને કારણે (૧) વીજવાયરમાં કાટ લાગી જવો (૨) થાંભલાઓ ખવાઈ જવા (૩) ડીસ્ક અને પીનઈન્સ્યુલેટરો ફેઈલ થવા (૪) ડીસ્ટ્રીબ્યુશન બોક્ષને કાટ લાગવો (૫) સર્વીસલાઈનો ખરાબ થવી વગેરે કારણોને લીધે વીજવહન દરમ્યાન અવારનવાર વિક્ષેપો સર્જાતા. જેને લીધે સાગરકાંઠે વસતા લોકોને અપૂરતા પ્રમાણમાં વીજ મળવી, ત્યાંના ઉદ્યોગોને નુકશાન સહન કરવુ પડતુ, માનવ અને પશુઓના પ્રાણઘાતક અકસ્માતો થતા હતા. તેને ધ્યાનમાં રાખીને માળખાકીય સુવિધા ગુણવત્તાસભર બને તે હેતુથી માન. મુખ્ય મંત્રી શ્રીએ ૬ માર્ચ ૨૦૦૭ના રોજ “સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના”ની જાહેરાત કરી. આ યોજના હેઠળ ઉર્જાવિકાસ અંતર્ગત નીચે મુજબની મુખ્ય ત્રણ કામગીરીઓનું આયોજન કરવામાં આવેલ છે.

(૧) <u>સ્ટ્રેન્ધનીંગ ઓફ ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ :</u>

(અ) ઓલએલ્યુમીનીયમકન્ડકટર કે જેની કાટનિરોધક ક્ષમતા ઓછી છે, અને એ.સી.એસ.આર. કન્ડકટરમાં રહેલ સ્ટીલવાયરને કારણે વીજવાયરો માં કાટ લાગતો, તેને સ્થાને હવે ઓલએલ્યુમીનીયમએલોય કન્ડકટર કે જે કાટનિરોધક છે તેવો કન્ડકટર બદલવાનું આયોજન.

(બ) ખરાબ થઈ ગયેલા થાંભલા, ડીસ્ક ઈન્સ્યુલેટર અને પીન ઈન્સ્યુલેટરો હાર્ડવેર સાથે, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ અને સર્વીસ લાઈનો બદલવાનું આયોજન.

(૨ ) <u>કન્ડકટર, ઈન્સ્યુલેટર્સ, હાર્ડવેર્સ અને અર્થવાયર વગેરે બદલીને ટ્રાન્સમીશન લાઈનો નું સ્ટ્રેન્ધનીંગ:</u>

દરીયાકાંઠાવિસ્તારમાં આવેલી લાંબા સમયથી સેવા આપતી ટ્રાન્સમીશનલાઈનો ક્ષારયુકત વાતાવરણને લીધે ખરાબરી તે અસર પામે છે. જે સ્ટીલના ટાવરોને કાટ લાગવા તથા વીજવાયરો અને હાર્ડવેરના ઓકસીડેશનમાં પરિણમે છે. આવી ટ્રાન્સમીશનલાઈનોનું સ્ટ્રેન્ધનીંગ કરવાનું આયોજન.

(૩) <u>૬૬કેવીના નવા સબસ્ટેશનો ઉભાકરવા:</u>

દરિયાઈકાંઠાના વિસ્તારમાં નવા ૬૬કે.વી.ના સબસ્ટેશનો તથા તેને સંલગ્ન વિજરેષાઓ સ્થાપિત કરવા.

ફાયદા:આયોજના થકી ઉપરોકત સબસ્ટેશનો પ્રસ્થાપિત થતા દરિયાઈકાઠાનાં વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક, ખેતીવાડી તેમજ ઘરવપરાશના ગ્રાહકોને પુરતા વીજદબાણથી વીજપુરવઠો મળી શક્યો. પૂરતા દબાણથી વીજળી મળતા મોટર બળવાના તેમજ ટ્રાન્સફોર્મર ફેઈલ થવાના પ્રમાણમાં મહદઅંશે ઘટાડો થયો. ટ્રાન્સમિશન લોસ માં ઘટાડો થયો.વીજવિક્ષેપોની માત્રામાં નોંધપાત્ર ઘટાડો થયો. તેમજ સાતત્યપૂર્ણ વીજપુરવઠો ઉપલબ્ધ કરાતા ઉધોગોને થતું નુકશાન અટક્યું. આ ઉપરાંત વાયરો તુટવાને કારણે જે અકસ્માતો થાય છે. તેને મહદઅંશે નિવારી શકાયા છે અને આને લીધે સાગરકાઠાં વિસ્તારમાં આવેલ તાલુકાના ગામોનો સર્વાંગીવિકાસ સાધી શકાયો છે.

વર્ષ ૨૦૧૫-૧૬ માં વીજ વિતરણના થાંભલા સાથેની લાઇનો બદલવા, વીજ પ્રવહન રેષાઓને સુદ્રઢ બનાવવા,૧૭ નવા ૬૬ કેવી સબસ્ટેશનો બનાવવા અને ૧૨૦૦૦ કૂવાનું વીજળીકરણ કરવાનું આયોજન છે.

## કિસાન હિત ઉર્જા શકિત યોજના ( ખુશી )

યોજનાનુ નામ: કિસાન હિત ઉર્જા શકિત યોજના ( ખુશી )

યોજના શરૂ કર્યા તારીખ: ૨૦૦૮-૦૯.

યોજનાનો ઉદ્દેશ / હેતુ: કિસાન હિત ઉર્જા શકિત યોજના ( khusy ) અંતર્ગત નાની ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાન્સફોર્મર ઉભા કરી તેના ધ્વારા હળવા દબાણની લાઇન નેટવર્ક ઘટાડવાની કાર્યવાહી કરવામા આવે છે. બીન અધિકૃત વીજ ભાર અટકાવવા તથા હળવા દબાણની લવીજ લાઇનો સાથે ચેડા થતાં અટકાવવા. આ યોજનાનો મુખ્ય હેતુ હળવા દબાણની લાઇનો ક્રમશ: ઘટાડી, હળવા દબાણની લાઇનો રહિત નેટવર્ક બનાવવાનો છે.

લાભાર્થી વર્ગ: ગ્રામ્ય વિસ્તારમા ખેતી વિષયક વીજ જોડાણોને પૂરતા દબાણથી વીજ પૂરવઠો મળી રહે એ માટે હયાત ખેતીવાડી વીજ જોડાણો મા ભારે દબાણની વીજ લાઇનો વધારી નાની ક્ષમતાના ટ્રાન્સફોર્મર (૧૦ કેવીએ, ૧૬ કેવીએ,) ગ્રાહકના વીજ સ્થાપનની શકય એટલી નજીક મૂકવામા આવે છે. જેથી ગ્રાહકને ઓછામાં ઓછી હળવા દબાણની ઇંસ્યુલેટેડલાઇન ( એરિયલ બંચ / પીવીસી કેબલ) નાંખી પૂરતા દબાણથી વીજ પૂરવઠો પૂરો પાડી શકાય.

લાભાર્થી ની પાત્રતા: વીજ કંપની દ્વારા ગ્રામ્ય વિસ્તારમા લાઇન લોસ, વીજ વિતરણ લોસ,તથા ટ્રાન્સફોર્મર ફેલ્યુઅર રેટ ધ્યાને લઇ, ખેતી વિષયક ફીડરો તેમજ છુટક ખેતી વિષયક વિસ્તાર ઉક્ત કામગીરી માટે પસંદ કરવામા આવેછે. લાભાર્થી એ આ માટે સીધી કોઇ અરજી કરવાની હોતી નથી.

સહાય નુ ધોરણ: કિસાન હિત ઉર્જા શકિત યોજના (ખુશી) ના અમલીકરણ માટે વિજ બચત યોજનઓ અન્વયે રાજ્ય સરકારશ્રી દ્વારાસહાય આપવામા આવે છે. આ ઉપરાંત પીજીવીસીએલ માટે ખુશી યોજના અન્વયે છેલ્લા ૫ વર્ષ થી ખાસ શેર ભંડોળ પણ આપવામા આવેછે.

આઉટકમ: વીજ રેષાઓના લાઇન લોસ, વીજ વિતરણ લોસ,તથા ટ્રાન્સફોર્મર ફેઈલર રેટમા ઘટાડો.

- ઇંસ્યુલેટેડલાઇન ( એરિયલ બંચ / પીવીસી કેબલ) ના કારણે હળવા દબાણની વીજ રેષાઓ પર થતા ફોલ્ટ મા નોંધપાત્ર ઘટાડો.
  - ⇒ સદર યોજના હેઠળનાં વીજ ગ્રાહકોમા માલીકપણાનો ભાવ થશે તેથી તેઓ અન્યને હળવા દબાણની વીજ રેષાઓ સાથે ચેડા કરવા દેશે નહિ.
  - ⇒ ઉચ્ચ ગુણવત્તા યુક્ત વીજ પૂરવઠો
  - ⇒ પૂરતા દબાણના વીજ પૂરવઠાના કારણે મોટરો બળવાના કિસ્સઓમા ઘટાડો.

વર્ષ ૨૦૧૫-૧૬ માટે સદર યોજનામાં ૯૫૦૦ ઓછી ક્ષમતાના ડીસ્ટ્રીબ્યુશન ટ્રાંસ્ફોર્મર લગાડવા નું આયોજન છે.

## કૃષિ ક્ષેત્રે સૌર ઉર્જાથી ચાલતા સિંચાઇ પમ્પની યોજના

રાજ્યમાં કૃષિ વિષયક વીજ જોડાણો મેળવવા માટેની મોટા પ્રમાણમાં પડતર અરજીઓને કારણે કૃષિ વીજ ગ્રાહકોને વીજ જોડાણની અરજીની નોંધણી કરાવ્યા પછી પણ વીજ જોડાણ મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી હોય છે. વધુમાં કૃષિ વીજ ગ્રાહકો દ્વારા રાજ્યનાં કુલ વીજ વપરાશના ૨૦% કરતાં પણ વધુ વીજ વપરાશ કરવામાં આવે છે અને તે માટે થતા ખર્ચનો મહત્તમ હિસ્સો રાજ્ય સરકારે સબસીડીરુપે વહન કરવો પડે છે જે વર્ષોવર્ષ વધતો જ જાય છે. આ ઉપરાંત નવા કૃષિ વીજ જોડાણો માટેની આંતર માળખાકીય સુવિધાઓ જેવી કે હળવા/ભારે દબાણની લાંબી વીજ રેષાઓ, થાંભાલાઓ, ટ્રાન્સફોર્મર્સ, ફીડર્સ, મીટરો વગેરેનો પણ મોટો ખર્ચ આવે છે. આથી રાજ્ય સરકાર દ્વારા કૃષિ વીજ વપરાશમાં બચત થાય, કૃષિકારોમાં સૌર ઉર્જાનાં વપરાશ પરત્વે જાગૃતિ કેળવાય તથા રાજ્ય સરકાર પરનું સબસીડીનું ભારણ પણ હળવુ થાય તે માટે પરંપરાગત ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સના વિકલ્પે સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સનાં ઉપયોગ માટે વિચારણા હાથ ધરવામાં આવેલ છે.

રાજ્ય સરકાર દ્વારા નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ૧૫૦૦ અને ૨૦૧૫-૧૬ દરમ્યાન ૧૦૦૦ સૌર ઉર્જા સંચાલિત કૃષિ પમ્પ સેટ્સ માટેની યોજના સમગ્ર રાજ્યમાં અમલમાં મૂકવાનું ઠરાવવામાં આવેલ છે.. આ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા લાભાર્થી ખેડૂતને જરુરિયાત અનુસાર ત્રણથી પાંચ હોર્સ પાવરનાં સૌર ફોટો વોલ્ટીક આધારિત એસી/ડીસી સબમર્સીબલ પમ્પ સેટ્સ પૂરા પાડવામાં આવશે.

આ યોજનાના અગત્યના ધારાધોરણો :

૧. અનુસૂચિત જાતિનાં લાભાર્થીઓએ તથા ટ્રાયબલ વિસ્તારનાં અનુસૂચિત જનજાતિનાં લાભાર્થીઓએ રૂ. ૧૦૦૦/- પ્રતિ હોર્સ પાવર અને તે સિવાયના અન્ય તમામ લાભાર્થીઓએ રૂ. ૫૦૦૦/- પ્રતિ હોર્સ પાવરની રકમ ગ્રાહક ફાળા પેટે ભરવાની રહેશે.

૨. વીજ વિતરણ કંપનીઓ દ્વારા સૌર ઉર્જાના વપરાશના યુનિટનું બીલીંગ કરવામાં આવશે નહીં.

૩. દરેક લાભાર્થીને લાઇટીંગ વપરાશ માટે દીવાબત્તી અને મોબાઇલ ચાર્જરનો પોઇન્ટ સૌર ઉર્જા પમ્પ સાથે પૂરો પાડવામાં આવશે.

સૌર ઉર્જા આધારિત સિંચાઇ પમ્પની સાથે નીચે જણાવેલ સાધનો હશે.

૧) સોલર ફોટો વોલ્ટીક પેનલ

૨) એસી/ડીસી મોટર પંપ સેટ

૩) પંપ કંટ્રોલર

૪) મોડ્યુલ માઉંટીગ સ્ટ્રક્ચર

૫) ઇલેક્ટ્રીક ઇંટર ક્નેક્ટ

૬) પાઇપ અને તેની સાથેની બીજી વસ્તુઓ.

<u>સૌર ઉર્જાથી થતાં મુખ્ય લાભો :</u>

૧. કિંમતી કુદરતી સંસોધનો જેવા કે કોલસો,ગેસ,પાણી ની બચત થાય છે.

૨. સૌર ઉર્જાને કોઇ બળતણની જરૂર નથી પડતી માટે તેનાથી કોઇ કચરો કે પ્રદુષણ ઉત્પન્ન થતુ નથી. ૩. સૌર ઉર્જા દિવસ દરમ્યાન પ્રાપ્ત થતી હોવાથી ખેડુત દિવસ દરમ્યાન સિંચાઇ નો લાભ લઇ શકે છે. ૪. ખેતીવાડી ક્ષેત્રે વીજળી ના વપરાશમાં ઘટાડો અને વીજ વિતરણ ખોટમાં ઘટાડો થાય છે.

હાલ ના તબક્કે કામગીરી માટે ના ઓર્ડર આપી દેવામાં આવ્યા છે. અને કામ પ્રગતિમાં છે.